ગાંધીનગર સમાચાર

# મેઘરજનગરની ગ્રીન સ્કૂલમાં અસામાજિક તત્વો દ્વારા તોડફોડ

મોડાસા, તા. ૧૫

મેઘરજ નગરની પ્રાથમિક શાળા નં. ૧ ને સરકારે જિલ્લાની એક માત્ર પ્રથમ ગ્રીન સ્કૂલ કરોડો રૂપિયા ખર્ચી અદ્યતન બનાવેલ છે તેવી આ શાળામાં ધોરણ ૧ થી ૮ના વર્ગો ચાલે છે. અને શાળામાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શાળા સમય બાદ, શનિ રવિ અને જાહેર રજાના દિવસો અને રાત્રી દરમિયાન આ શાળામાં અજાણ્યા અસામાજિક તત્વોએ શાળાની લોખંડની જાળી તોડી અંદર પ્રવેશ્યા હતા અને શાળાની અંદર આવી સૌપ્રથમ વીજ જોડાણ કાપી લોબીમાં લગાવાયેલ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, સ્વામી વિવેકાનંદ, સુભાષચંદ્ર બોઝ અને અન્ય દેશ ભક્તોના ફોટાઓ મેદાનમાં ફેંકી દિધા હતા. અને શાળાની ઓફિસનો નકુચો તોડી ઓફિસમાં પ્રવેશી તિજોરીઓ ખોલી ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો પણ કંઈ હાથ ન લાગતાં બોરની મોટરના વાયર, પાઈપો, પાણીના નળ, અરિસાની તોડફોડ કરી હતી અને વીજજોડાણ કાપી નાખ્યું હતું. જેથી છેલ્લા ત્રણ ચાર દિવસથી આ શાળાના બાળકો અને શિક્ષકોને લાઈટ અને પાણી વગર ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને પીવાના પાણી માટે શાળાના બાળકો વલખાં મારે છે. આ અસામાજિક તત્વો દ્વારા છત ઉપર મુકેલા પીવાના પાણીના સીન્ટેક્ષના ટાંકાના ઢાંકણોના તાળા તોડી નાખ્યા હતા અને ઢાંકણો પણ ઉપરથી નીચે ફેંકી દિધા હતા ત્યારે આ પીવાના પાણીના ટાંકામાં આ અસામાજિક તત્વો દ્વારા પીવાના પાણી સાથે પણ ચેડા કરવામાં આવ્યા હોય તો આ બાળકોના સ્વાસ્થ્ય ઉપર પણ જોખમ થઈ શકે છે. તેથી આવા અસામાજિક તત્વોને ઝડપથી પકડી પાડવા માટે શાળાના આચાર્ય દ્વારા મેઘરજ પોલીસને લેખીતમાં જાણ કરવામાં આવી હતી. સરકાર તરફથી પણ કાયમી ધોરણે સીક્યુરીટી ગાર્ડ મુકવામાં આવે અને આવા અસામાજિક તત્વોને પોલીસતંત્ર તાકિદે પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરે તેવી મેઘરજ નગરની જનતાની ઉગ્ર માંગ છે.







## ધાનેરા નગરપાલિકા ગરીબોના દબાણ હટાવે તે પહેલા પાલિકાની આબરૂના ધજિયા ઉડાવી રહેણાંક વિસ્તારમાં બનેલ શોપિંગ હટાવે

### પાલિકાને ચેલેન્જ આપી નિયમોને નેવે મુકી બનાવ્યું રહેણાંક વિસ્તાર સોપિંગ

ધાનેરા, તા. ૧૫

ધાનેરા નગરપાલિકા દ્વારા તા. ૧૭-૧૮ અને ૧૯ના દિવસે ધાનેરામાં દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરવાની હોવાથી ધાનેરામાં અનેક તર્ક-વિતર્ક જોવા મળી રહ્યા છે. અને લોકો જણાવી રહ્યાં છે કે, ધાનેરા નગરપાલિકાના સત્તાધીશો ગરીબ લોકોને હેરાન કરવામાં મજા આવે છે. જેથી ધાનેરાના લોકો કહી રહ્યા છે કે ગરીબ લોકોથી પાલિકાના સત્તાધીશ બનેલા સત્તાધીશો પોતાની જાતને ઓળખે અને ગરીબોને હેરાન કરવાનું બંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરે.



ધાનેરા વિસ્તારમાં આવેલી ઠાકોર વાસ સોસાયટીના રહેણાંક વિસ્તારમાં એક બિલ્ડર દ્વારા નિયમોને નેવે મુકી આખુ સોપીંગ તૈયાર કરી દેવામાં આવ્યું છે. અને આ સોપિંગના કારણે આજુબાજુના લોકોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અને આજુબાજુના લોકો દ્વારા આ બાબતે પાલિકામાં લેખિત અને મૌખિક રજુઆત કરવા છતાં પાલિકા દ્વારા કોઈજ પ્રકારની કાર્યવાહી ન થતા અત્યારે આજુબાજુના લોકો ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી છે. જેથી ધાનેરાના લોકો કહી રહ્યા છે કે ધાનેરા નગરપાલિકા ગરીબોને હેરાન કરવાનુ બંધ કરે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરે તો બીજી તરફ ધાનેરાના ચોરે ને ચૌટે એક જ વાત સાંભળવા મળી રહી છે કે પાલિકાના સત્તાધીશો દ્વારા બિલ્ડરો પાસેથી પેટ ભરીને પૈસા લીધા છે. માટે તેમની કોઈ જ કાર્યવાહી નહી કરે. જો આ વાત સત્ય હોય તો ખુબજ શરમજનક કહેવાય હવે પાલિકાએ બિલ્ડરો પાસેથી પૈસા ખાધા છે કે નહિ તે તો પાલિકાની કામગીરી જ બતાવશે.

## બાયડ શહેર ભાજપના ૧૦ કાર્યકર્તાઓ સસ્પેન્ડ

બાયડ, તા. ૧૫

તાજેતરમાં યોજાયેલી નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં અરવલ્લી જિલ્લાની બાયડ નગરપાલિકામાં ભાજપના ૧૦ કાર્યકર્તાઓને પક્ષમાંથી હાંકી કાઢામાં આવ્યા હતા. સામાન્ય ચૂંટણીઓમાં બાયડ નગરપાલિકામાં ભાજપના ૧૦ કાર્યકર્તાઓ જીગરભાઈ પટેલ, રમીલાબેન બ્રહ્મભટ્ટ, દિનકરભાઈ પટેલ, ચેતનભાઈ પટેલ, ચીમનભાઈ પટેલ, કુણાલભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, ભીખાભાઈ મકવાણા, હસમુખભાઈ પરમાર અને શારદાબેન પરમારને પક્ષની સામે ઉમેદવારી નોંધાવતા પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુએ તાત્કાલિક અસરથી આજે સસ્પેન્ડ કર્યા હતા.

## મોડાસા આર.ટી.ઓ. કચેરીમાં પાંચ વ્યક્તિને ભમરા કરડ્યા

### મોડાસાના આર.ટી.ઓ.ના સલાહકારને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લાની મોડાસા આરટીઓ કચેરીમાં વર્ષોથી સ્થાયી થયેલું ભમરાનું ઝુંડ આજે બપોરે એકાએક ગરમીના કારણે ઉડતાં એ.આર.ટી.ઓ.માં વિવિધ કામ અર્થે આવેલ ૫ જેટલા વ્યક્તિઓને ભમરાઓએ ડંખ મારતા હોસ્પિટલમાં સારવાર લેવાની ફરજ પડી છે.

અરવલ્લીની ગાજણ નજીક આવેલી એ.આર.ટી.ઓ. કચેરીમાં છત પર ભમરાના પૂડા આવેલા છે. છતની ઠંડકમાં રહેતા ભમરા આજે બપોરે ૧ વાગ્યાના સમયે ગરમી કે અન્ય કોઈક કારણસર એકાએક ઉડતાં વિવિધ કામ અર્થે એ.આર.ટી.ઓ.માં આવેલા અરજદારો તથા એજન્ટોમાં નાસભાગ મચી ગઈ હતી. એ.આર.ટી.ઓ.ની અંદરની બાજુમાં રહેતા સ્ટાફે ભમરાથી બચવા માટે બારણા બંધ કરી દેતા બહારથી અરજદારો અંદર આવી શકયા ન હતા. જેના લીધે અફડાતફડી મચી હતી અને એક આર.ટી.ઓ. સલાહકાર જગદીશ જોષી સહિત ૫ અરજદારોને ભમરા કરડતાં મોડાસાની આશા



હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. આમ આર.ટી.ઓ.માં ભમરાકાંડે સમગ્ર અરવલ્લીમાં ચર્ચા જગાવી હતી.

## દેરોલ ગામમાં એક્ટીવા સવાર સ્લીપ ખાતા પોલીસને બગાસુ ખાતા પતાસુ મળ્યુ

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મા તાલુકાના દેરોલ ગામ પાસે રવિવારે એક એક્ટીવા સવાર પુર ઝડપે અને ગફલતભરી રીતે પોતાના કબજાની એક્ટીવા નં. જીજે.૯.સીઆર.૪૫૯૩ ચલાવી રોડ સાઈડમાં પલ્ટી ખાઈ ગઈ હતી. જેથી એક્ટીવા ચાલકને ઈજાઓ થઈ હતી. જેથી પોલીસ તપાસ કરવા જતા પોલીસને ગાડીમાંથી રોયલ ડીલક્ષ વ્હીસ્કી ૩૭૫ મીલીની સીલબંધ બોટલ નં. ૩૬ કિંમત રૂ. ૧૨૬૦૦ની વડાલીના હિમાંશુ ઉર્ફે ગટી ઉર્ફે હસમુખભાઈ ડાહ્યાભાઈ પરમારને પહોંચાડવા જતા હોવાનું માલુમ પડ્યુ હતુ. જેથી એક્ટીવા કિંમત રૂ. ૩૫,૦૦૦ સહિત મુદ્દામાલ કુલ રૂ. ૪૭,૬૦૦ કબજે લઈ હિમાંશુ તથા એક્ટીવા સવાર પિન્ટુ કનુભાઈ સામરીયા, ખેડબ્રહ્મા વિરૂદ્ધ પો. કોન્સ્ટેબલ પ્રતાપભાઈએ ફરીયાદ નોંધાવી હતી.



દિયોદર પોલીસ દ્વારા આજે લુદરા ખાતે વિવિધ ગુનામાં વર્ષ-૨૦૧૫ દરમિયાન પકડાયેલ રૂ. ૭.૪૫ લાખનો વિદેશી દારૂ બિયરનો જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો.

## મોડાસાની સર્વોદય હાઈસ્કૂલમાં આનંદમેળો યોજાયો

મોડાસા, તા. ૧૫

મને સમય આપો, મને પ્રેમ આપો હું તમને વિસ્મય આપીશ - ડહાપણ આપીશ બસ બાળકોની જરૂરીયાતને સાકાર કરવાના પ્રયાસને વળેલી સંસ્થાઓના સહયોગ વડે મોડાસામાં બે દિવસીય બાળમેળાનો રંગેચંગે પ્રારંભ કરાયો હતો. બાળ મેળામાં ઉભા કરાયેલા ૫૦ સર્જનાત્મક કાર્યના સ્ટોલ દ્વારા ૫૦૦ બાળકો જોડાઈ રચનાત્મક આનંદ મેળવ્યો હતો.

મોડાસાની શ્રી સર્વોદય હાઈસ્કૂલના આંગણે વિશ્વગ્રામ, સ્વપથ ટ્રસ્ટ-અવેર ફાઉન્ડેશન અને મોડાસા કેળવણી મંડળ દ્વારા યોજાયેલા બે દિવસીય બાળમેળાને બાળ સાહિત્યકાર યશવંત મહેતા, યોસેફ મેકવાન, તુલા-સંજય અને કેળવણી મંડળના પ્રમુખ બીપીનચંદ્ર શાહે ખુલ્લો મુક્યો ત્યારે રાજેશ ભટ્ટ, કનુભાઈ શાહ, કીરીટભાઈ શાહ, સર્વોદય હાઈ.ના પ્રિન્સી. ડૉ. આર.સી. મહેતા, મોડાસા હાઈ.ના પ્રિન્સી. મનીષભાઈ જોષી અને મેળાના કન્વીનર કમલેશ પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. રમતીલા બાળકોના બાળમેળામાં રાજ્યભરના જુદા જુદા જિલ્લાઓના ૨૫૦ બાળકો અને મોડાસા કેળવણી મંડળના ૨૫૦ બાળકો એમ મળી ૫૦૦ બાળકો દ્વારા ચિત્ર, માટીકામ, તોરણ, પગ લુછણીયા, રંગબેરંગી પોસ્ટર જેવી રચનાઓ તૈયાર કરી પ્રદર્શિત કરાઈ હતી. જ્યારે કેટલાક સ્ટોલ ઉપર અંધશ્રદ્ધા સામે જાગૃતિ, સંગીત અને વિજ્ઞાનને લગતી રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે સંકલ્પવૃક્ષની ઝાંખી રજુ કરાઈ હતી. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ મેળાની રચનાત્મક પ્રવૃત્તિમાં જોડાયા હતા.





સમગ્ર ઉત્તર ગુજરાતમાં હાથ ધરાયેલ બાળમેળાના પ્રથમ પ્રયોગના પ્રણેતા વિશ્વગ્રામ સંસ્થાના સંજયભાઈએ જણાવ્યું હતું કે આજે એક બાળક બીજા બાળકને ક્યાં મળે છે અમીર બાળક અમીર ને શહેરનું બાળક શહેરના બાળકને હિન્દુ બાળક હિન્દુ બાળકને મળતા હોય છે, બાળમેળામાં ગુજરાતભરમાંથી આવેલા જુદા જુદા બાળકો મોડાસાના બાળકોના મહેમાન પણ ત્રણ રાત્રી અને બે દિવસ સતત જોડે રહી એકબીજાથી અજાણ્યા બાળકો જોડે પ્રવૃત્તિ કરશે અને ગુજરાતનું બચપન મોડાસાના બચપન સાથે હળી મળી જશે.



## મેઘરજમાં ઓપન વોલીબોલ ટૂર્નામેન્ટ યોજાઈ

મેઘરજ ખાતે તાજેતરમાં આદિવાસી યુવા વિકાસ મંચ દ્વારા ઓપન વૉલીબોલ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત અને રાજસ્થાનની ૩૦ જેટલી ટીમોના ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટમાં અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘી, મેઘરજ તાલુકા પ્રમુખ દિલીપ સુવેરા, મામલતદાર ધમાલત, વિપુલ ગરાલિયા, એલ.ડી. અસારી, એસ.એમ. મલાવત, રાહુલ ગામેતી વગેરે હાજર રહ્યા હતા. આ ટૂર્નામેન્ટની ફાઈનલમાં નાની પંડુલીની ટીમ વીજેતા જાહેર થઈ હતી. જેને રૂ. ૫૦૦૦ રોકડ અને વિજેતા કપ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન નરેશ ડામોર, રાજુ કટારા, જયેશ અસારી, રાહુલ ભગોરા, બંસી ડોડુણ દ્વારા કરવામાં આવ્યું હતું.

## બનાસડેરીના સ્થાપક સ્વ. ગલબાભાઈ પટેલની ૯૮મી જન્મ જયંતિ ઉજવાઈ

પાલનપુર, તા. ૧૫

કહેવાય છે કે, પાયો જેટલો ઊંડો અને મજબૂત, તેટલી જ તેના પર ઉંચી ઈમારત કરી શકાય. બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ. શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલે તો બનાસ ડેરીના પાયા પાતાળમાં નાખ્યા છે. માટે જ તેના પર આજે બનાસ ડેરીની ગગનચુંબી અને દીવાદાંડી સમાન ભવ્ય ઈમારત ઉભી છે. જેના રોપેલો આને ઉછેરેલા આંબાની મીઠી કેરીઓ આપણે ખાઈ રહ્યા છીએ. તેવા સ્વ. શ્રી ગલબાભાઈની ૯૮મી જન્મ જયંતીની ઉજવણી તા. ૧૫-૨-૨૦૧૬ના રોજ ચેરમેન શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં કરવામાં આવી, જે અંતર્ગત પુષ્પાંજલિ કાર્યક્રમ અને રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

બનાસડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી, વંદના સાથે પુષ્પાંજલિ અર્પી હતી તેમજ વાઈસ ચેરમેન શ્રી માવજીભાઈ દેસાઈ, ડિરેક્ટર શ્રી કેશરભાઈ ચૌધરી અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંજય કરમચંદાની તેમજ ઉચ્ચ અધિકારીઓએ પણ પુષ્પવંદના કરી હતી અને દિવ્ય આશીર્વાદ મેળવ્યા હતા.



## શ્રી લીંબાચીયા તેર સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાયો

શ્રી લીંબાચીયા તેર સમાજ દ્વારા ૧૫મા સમુહ લગ્નોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના ૧૪ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા.

આ માંગલિક પ્રસંગે લીંબાચીયા તેર સમાજના ઘણા દાતાઓ તરફથી કન્યાદાનમાં સોના-ચાંદીના દાગીના, ફ્રિજ, તિજોરી, કબાટ, પલંગ, રસોડા સેટ સહિત જરૂરી ચીજવસ્તુઓ ભેદ સ્વરૂપે આપવામાં આવી હતી. આ પ્રસંગે યોજાયેલ સમારંભમાં સમાજના દાતાઓ, આગેવાનો કાર્યકરોનું જાહેર સન્માન કરાયું હતું.

## તત્વ ઈન્સ્ટીટ્યુટ ખાતે ઈન્ટરવ્યુ સ્કીલ્ડ ડેવલોપમેન્ટ સેમિનાર યોજાયો

તત્વ ઈન્સ્ટીટ્યુટ ખાતે વિદ્યાર્થીઓ માટે ઈન્ટરવ્યુ સ્કીલ ડેવલોપમેન્ટનો સેમિનાર યોજાયો હતો. જ્યાં વિદ્યાર્થીઓને તેમનો બાયોડેટા, ગ્રુપ ડિસ્કશન તેમજ પર્સનલ ઈન્ટરવ્યુ કેવી રીતે પાસ કરવું તે અંગેની વિશિષ્ટ માહિતી તેમજ સમજણ આપવામાં આવી હતી. આ સેમિનારમાં ચોથા અને છઠ્ઠા સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે વિશેષ કેરીયર ગાઈડન્સનું આયોજન રાખવામાં આવ્યું હતું. તેમને એન્જીનીયરીંગ કર્યા બાદ સરકારી/બિનસરકારી/વિદેશમાં વધુ અભ્યાસ અંગે એન્જીનીયરીંગમાં અનુસ્નાતકની ડિગ્રી અંગે તેમને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.